‘ગુરુજી પૂછે છે, મજામાં છો ને’, વેપારી પાસેથી ૪૦ હજાર પડાવ્યા

કલ્પસૂત્ર ગુરુજી બોલું છું કહીને એક ભક્તની મદદ માટે નાણાંની જરૂર છે તેમ કહી છેતરપિંડી

સુરતઃ અડાજણમાં રહેતા ડાયમંડ કંપનીના મેનેજરને ગુરુજીના નામે ફોન કરી શ્રદ્ધાળુઓ પાસેથી નાણાં પડાવી લેવાનો બનાવ સામે આવ્યો છે.

અડાજણની માધવ રેસીડેન્સીમાં રહેતા કિરિટભાઈ શાંતીલાલ લાલણ (ઉ.વ.૪૮) કતારગામની સ્પાર્કલ ડાયમંડ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે.

ગત તા.૬ સપ્ટેમ્બરે તેઓ નોકરી પર હતા ત્યારે બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો.

ફોન કરનારે પોતે “કલ્પસૂત્ર ગુરુજી પાસેથી બોલું છું” તેમ કહી “ગુરુજી પૂછે છે કે તમે બધા મજામાં છો ને?” કહી વિશ્વાસ કેળવીને બાદમાં એક ભક્તની મદદ માટે નાણાંની જરૂર હોવાનું જણાવી ૩.૪૦ હજાર મંગાવી લીધા હતા.

આ રકમ ‘શાહ તેજશ સુભાષભાઈ’ના નામે રહેલા ખાતામાં જમા થઈ હતી. રાત્રે દસ વાગ્યાના અરસામાં કિરિટભાઈએ ખરાઈ કરવા માટે પોતાના ગુરુજીનો સીધો સંપર્ક કર્યો હતો. જોકે ગુરુજીએ કોઈ નાણાંની માંગણી કરી ન હોવાનું જણાવતાં કિરિટભાઈને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. વધુમાં ગુરુજીએ તેમના નામે અન્ય વ્યક્તિઓ પાસેથી પણ નાણાં પડાવવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી અડાજણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

‘નિયમમાં રહેશો તો ફાયદામાં રહેશો, નિયમ તોડશો તો દંડાશો

‘તમે કેટલીવાર ફિલ્ડમાં ગયા છો?’ કમિ.એ અધિકારીઓને ખખડાવ્યા

સાત-આઠ માસથી ‘ફાટીને ધુમાડે’ ગયેલા મનપાના અમુક અધિકારીઓ પર તવાઈનાં એંધાણ

સુરતઃ નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલે શુક્રવારે અધિકારીઓ સાથેની પ્રથમ સંયુક્ત બેઠકમાં જ પોતાની કાર્યશૈલીનો સ્પષ્ટ પરચો આપી દીધો હતો. છેલ્લા સાત-આઠ મહિનાથી મનમાની રીતે વહીવટ ચલાવવાની છૂટ મળી હોય તે રીતે કામગીરી કરતા અધિકારીઓ-કર્મચારીઓને નવા કમિશનરે સીધી ચેતવણી આપી છે કે નિર્ધારિત નિયમોની વિરુદ્ધ જઈને કરવામાં આવતી કોઈપણ કામગીરી સહન કરવામાં આવશે નહીં.

કમિશનરની આ ટકોર બાદ મનપાના અધિકારી વર્તુળમાં ફફડાટ ફેલાયો છે. લાંબા સમય બાદ મનપાના વહીવટમાં નવા કમિશનર દ્વારા અધિકારીઓને નિયમ, જવાબદારી અને ફિલ્ડ વર્કની સીધી ભાષામાં પાઠ ભણાવવામાં આવતાં બેઠકનું વાતાવરણ ગંભીર બની ગયું હતું. શરૂઆતથી જ કડક વલણ અપનાવી બેનીવાલે સંકેત આપી દીધો છે કે હવે મનપામાં ‘જે રીતે ચાલતું આવ્યું છે એ રીતે’ વહીવટ નહીં ચાલે; નિયમ મુજબ જ કામ કરવું પડશે. આઈસીસીસી ખાતે યોજાયેલી બેઠકમાં હેલ્થ અને એન્જિનિયરિંગના તમામ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં કમિશનર બેનીવાલે સીધી અને કડક ભાષામાં અધિકારીઓને તેમની જવાબદારીનો અહેસાસ કરાવ્યો હતો. કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો’ એવો સ્પષ્ટ સંદેશ આપતાં બેનીવાલે કહ્યું હતું કે નિયમો અને નિર્ધારિત પ્રક્રિયાની બહાર જઈને કોઈ અધિકારી કે કર્મચારી કામગીરી કરશે તો તે ચલાવી લેવામાં આવશે નહીં. મચ્છરજન્ય રોગોના કેસો અંગે ઝોનવાર સમીક્ષા કરી હતી. જે આરોગ્ય કેન્દ્રના વિસ્તારમાં કેસોની સંખ્યા વધુ હતી ત્યાંના ડેપ્યુટી એમઓએચ પાસે કમિશનરે સીધો સવાલ કર્યો હતો કે ‘તમે પ્રભાવિત વિસ્તારમાં વ્યક્તિગત રીતે કેટલી વખત રાઉન્ડ લીધો?’ ફિલ્ડમાં રહીને વાસ્તવિક સમસ્યા સમજશો તો જ કામગીરી વધુ અસરકારક અને સફળ બનશે, તેવી ટકોર તેમણે કરી હતી.

નાસીરનગરની કાર્યવાહીનો પડઘો?

કમિશનરની આ કડક ટકોરને નાસીરનગર ડિમોલિશન પ્રકરણ સાથે પણ જોડીને જોવામાં આવી રહી છે. નાસીરનગર મામલે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી તપાસ કમિટીમાં કમિશનર રાજકુમાર બેનીવાલનો પણ સમાવેશ થાય છે. સમગ્ર પ્રકરણમાં કાર્યવાહી દરમિયાન નિયમોનું પાલન થયું હતું કે નહીં તે અંગે તપાસ ચાલી રહી છે. આવા સમયે જ કમિશનરે નિયમ વિરુદ્ધ કામગીરીને કોઈપણ સંજોગોમાં સહન નહીં કરવાની વાત કરતાં મનપાનાં વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.

આજનો દિવસ વ્રત ચેતના દિવસ તરીકે ઉજવાય છે

પર્યુષણ પર્વનો પાંચમો દિવસ ‘વ્રત ચેતના દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે આત્માની શુદ્ધિ અને જાગૃતિ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સાધકો ઉપવાસ અને આંતરિક સંયમ દ્વારા ધાર્મિક આરાધના કરે છે. મન અને ઇન્દ્રિઓ પર કાબૂ રાખીને પાપથી બચવાનો સંકલ્પ લેવામાં આવે છે. ઉપાશ્રય અને દેરાસરોમાં વિશેષ વ્યાખ્યાન તથા ભગવાન મહાવીરના જીવન પ્રસંગોનું શ્રવણ કરવામાં આવે છે.

સંક્ષિપ્ત સમાચાર

સ્વિમિંગ સ્પર્ધામાં એડ્વોકેટ કશ્યપ શુકલે ચાર ગોલ્ડ મેડલ મેળવ્યા

સુરતઃ સુરત ખાતે તાજેતરમાં યોજાયેલી રાજ્ય કક્ષાની ૧૫ મી ગુજરાત માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશીપ સ્પર્ધામા સુરતના સિનિયર એડવોકેટ ૭૨ વર્ષીય કશ્યપ શુકલે ૨૦૦ મીટર ઈન્ડિવિજ્યુઅલ , ૨૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોક, ૧૦૦ મીટર બેક સ્ટ્રોક અને ૧૦૦ મીટર બટરફ્લાયમાં પ્રથમ વિજેતા બની કુલ ૪ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે.

સુરતમાં 12મીએ રાષ્ટ્રીય લોક અદાલત, ઈ ચલણનો નિકાલ કરાવી શકાશે

સુરતઃ નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટી (નાલસા) અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરિટી (સાલસા)ના માર્ગદર્શન હેઠળ સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે આગામી 12 સપ્ટેમ્બર 2026ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી રાકેશ ગુપ્તાએ પત્રકાર પરિષદમાં નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે લોક અદાલતનો લાભ લઈ વાહનચાલકો પોતાના પેન્ડિંગ તથા સમાધાન પાત્ર ટ્રાફિક ઈ-ચલણ નો નિકાલ કરાવી શકશે.તેમણે જણાવ્યું હતું કે લોક અદાલતમાં ઇ-ચલણ ઉપરાંત નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસો, મેટ્રિમોનિયલ ડિસ્પ્યુટ સહિતના સમાધાન પાત્ર કેસોનો નિકાલ કરવામાં આવે છે. ટ્રાફિક શાખાના ઇ-ચલણ વિભાગના જીજ્ઞાસાબેને જણાવ્યું હતું કે નેક્સ્ટ જનરેશન ઇ-ચલણ સિસ્ટમના અપડેટ ને કારણે 12 ઓગસ્ટથી બંધ થયેલી ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ 8 સપ્ટેમ્બરથી ફરી શરૂ કરવામાં આવી છે. જૂના ચલણોની ઓફલાઈન ભરપાઈ માટે પોલીસ કમિશનર કચેરી તેમજ લોક અદાલત ના દિવસે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ખાતે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

બાલાશ્રમ શાળામાં વક્તૃત્વ સ્પર્ધામાં 23 વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સુરતઃ હિમતલાલ લોખંડવાળા પ્રાથમિક વિભાગ ખાતે 04/07/2026, શનિવારના રોજ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ 1 થી 4 ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ 23 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના આચાર્યએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વક્તૃત્વ કૌશલ્ય, વિચારોને તાર્કિક રીતે રજૂ કરવાની ક્ષમતા તેમજ મંચ પર નિર્ભયતાથી બોલવાની આવડત વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. અંતમાં તેમણે ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓ આવી સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લેતા રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

પ્રેસિડન્સી સ્કૂલમાં આઝાદી પર્વની ગરિમાપૂર્ણ ઉજવણી

સુરતઃ સુરતની પ્રેસિડન્સી સ્કૂલમાં ૮૦મા સ્વતંત્રતા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન બાદ વિશાળ પ્રભાતફેરી યોજાઈ હતી. ત્યારબાદ પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજેશ દેસાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. રાજેશ દેસાઈએ વિદ્યાર્થીઓને દેશ પ્રત્યે વફાદાર રહેવા તથા આઝાદીનું જતન કરવાની જવાબદારી નિભાવવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં ક્રાઉન એકેડેમીના સંચાલક પ્રકાશ ગજ્જર, લાયન્સ ક્લબ ઓફ સુરત પ્રેસિડન્સીના પ્રમુખ નિલમબેન ગજ્જર સહિત અન્યો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી પ્રાધ્યાપક એન. એમ. કારિયા તથા ટ્રસ્ટી હિતેન્દ્ર ચુડાવાળાએ મહેમાનોનું અભિવાદન કરી સ્વતંત્રતા પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

પ્રિયંકા જરીવાલાએ પીએચ.ડી. સંશોધન કાર્ય પૂર્ણ કર્યું

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાસ્કમા ઈંગ્લિશ મિડિયમ કોમર્સ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રિયંકા અશોકકુમાર જરીવાલાએ પીએચ.ડી. સંશોધન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. તેમણે SPB English Medium Commerce Collegeના એકાઉન્ટન્સી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર અને હેડ ડો. રવિકુમાર આઈ. પટેલના માર્ગદર્શન હેઠળ ભારતીય નોન-લાઇફ ઇન્શ્યોરન્સ કંપનીઓની કાર્યક્ષમતા અને નાણાકીય સદ્ધરતાના મૂલ્યાંકન અંગે સંશોધન કર્યું છે. આ શૈક્ષણિક સિદ્ધિ બદલ કોલેજ પરિવાર અને સહકર્મીઓએ પ્રિયંકા જરીવાલાને અભિનંદન પાઠવ્યા હતા.

વિચારવૈભવ કરતાં પણ આચારવૈભવ મહત્ત્વનો છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈનભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં કલ્પસૂત્ર ગ્રન્થ વાંચનનો પ્રારંભ થયો હતો. સર્વ પ્રથમ જ્ઞાનની પાંચ પૂજા, અષ્ટપ્રકારી પૂજા, સોના-રુપાનાં પુષ્પોથી ગ્રન્થનાં વધામણા અને ગુરુપૂજન વગેરેનો કાર્યક્રમ યોજાયો હતો. દ્રુવસેન મહારાજાએ કલ્પસૂત્ર વાંચન માટે ગુરુભગવંતને વિનંતી કરી હતી. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, કલ્પસૂત્ર ગ્રન્થ એ જિનશાસનનો શિરમોર કક્ષાનો ગ્રન્થ છે. જૈન શાસનની ભવ્ય વિરાસતનું વર્ણન આ ગ્રન્થમાં કરવામાં આવ્યું છે. કલ્પ એટલે આચાર, શ્રમણ-શ્રમણી ભગવંતોના આચારોનું હુબહુ વર્ણન આ ગ્રન્થમાં કરવામાં આવ્યું છે. વિચારવૈભવ કરતાં પણ આચારવૈભવ મહત્ત્વનો છે.

રાત્રે ગણેશજીની મૂર્તિ, ડેકોરેશનનો સામાન લાવી ને સવારે ઝેર પી લીધું

ભટારમાં 22 વર્ષીય શિક્ષિકા પલકે ઝેર પીધા બાદ રૂમની બહાર આવી પરિવારને ‘હોસ્પિટલ લઈ ચાલો’ કહ્યું

આપઘાત પાછળ પ્રેમસંબંધની શક્યતા, ઉમરા પોલીસે તપાસ શરૂ કરી

સુરતઃ ભટાર રોડ એલ.બી. પાસે આવેલા ટર્નિંગ પોઈન્ટ એપાર્ટમેન્ટમાં રહેતી 22 વર્ષીય યુવતીએ ઝેરી દવા પી લેતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આશ્ચર્યની વાત તો એ છે કે રાત્રે મિત્રો સાથે ગણેશજીની મૂર્તિ અને મંડપના ડેકોરેશનનો સામાન લઈને ઘરે આવી હતી. શુક્રવારે વહેલી સવારે તેણે ઝેરી દવા પી લીધી હતી. જોકે, ઝેર પીધા બાદ તે રૂમની બહાર આવી પરિવારજનોને પોતાને હોસ્પિટલ લઈ જવા જણાવ્યું હતું. ત્યારબાદ પરિવારજનોએ તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું.

રાજસ્થાનના ઉદયપુરના વતની દિનેશકુમાર વસરાજ બાફના હાલમાં ભટાર રોડ એલ.બી. ટર્નિંગ પાસે આવેલા ટર્નિંગ પોઈન્ટ એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહે છે અને કાપડ માર્કેટમાં કાપડનો વેપાર કરે છે. તેમની 22 વર્ષીય પુત્રી પલક પ્લે ગ્રુપમાં બાળકોને ભણાવતી હતી. સોસાયટીમાં ગણેશજીની સ્થાપના કરવાની હોવાથી ગુરુવારે રાત્રે પલક મિત્રો સાથે ગણેશજીની મૂર્તિ તેમજ મંડપના ડેકોરેશન માટે સામાન લેવા ગઈ હતી. રાત્રે ઘરે પરત આવ્યા બાદ તે પોતાના રૂમમાં જઈને સૂઈ ગઈ હતી. દરમિયાન શુક્રવારે વહેલી સવારે પલકે રૂમમાં ઝેરી દવા પી લીધી હતી. તબિયત લથડતાં તે રૂમની બહાર આવી પરિવારજનોને ‘મને હોસ્પિટલ લઈ ચાલો’ તેમ જણાવ્યું હતું. જેથી પરિવારજનોએ તાત્કાલિક તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળ પ્રેમસંબંધનું કારણ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ અંગે કોઈ ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી. આ બનાવ અંગે ઉમરા પોલીસ મથકના એએસઆઈ ક્રિષ્નાબેને વધુ તપાસ હાથ ધરી છે.

પહેલા ઝાડને કાપી નાંખ્યું અને બાદમાં તેમાં આગ લગાડી

■ અલથાણમાં કેનાલ રોડ પર ઝાડનું નિકંદન કાઢી નાંખવામાં આવ્યું હતું. પહેલા ઝાડને કાપી નાંખવામાં આવ્યું અને બાદમાં આ ઝાડને આગ લગાડી દેવાઈ હતી. **(તસવીરઃ સતીષ જાદવ)**

34 એમ્બ્રોઇડરીના વેપારી સાથે રૂ.૩.૦૬ કરોડની ઠગાઈમાં દલાલ ઝડપાયો

સુરતઃ કતારગામ રામકથા રોડ ખાતે ધન્વી એન્ટરપ્રાઇઝ નામે એમ્બ્રોઇડરીનું જોબવર્ક કરતા રમેશભાઈ વસ્તરભાઈ પરા પાસેથી સાઇદર્શન માર્કેટમાં જય જીન ફેબ નામે વેપાર કરતા નિતેશ સાવરમલ અગ્રવાલે દલાલ સુરેશ લાખણકીયા મારફતે સાડીઓમાં એમ્બ્રોઇડરીનું કામ કરાવ્યું હતું. આ કામના રૂ.43,73,808નું પેમેન્ટ બાકી નીકળ્યું હતું. નિતેશ અગ્રવાલ અને સુરેશ લાખણકીયાએ માત્ર રમેશભાઈ પાસેથી જ નહીં, પરંતુ અન્ય 33 જેટલા એમ્બ્રોઇડરી વેપારીઓ પાસેથી પણ કરોડો રૂપિયાનું જોબવર્ક કરાવ્યું હતું. આ કેસમાં ક્રાઈમ બ્રાંચે દલાલ સુરેશભાઈ ઓધાભાઈ લાખણકીયાને લસકાણામાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજ્યના પોલીસબેડામાં ફરતી થયેલી હેકિંગ ફાઈલનો પ્રથમ ભોગ

વેડિંગ કાર્ડ APK ફાઈલે સુરતના પોલીસ કર્મીની પત્નીનું ખાતું ખાલી કરી નાંખ્યું

કાપોદ્રા પોલીસના કર્મચારીનાં પત્નીના HDFC ખાતામાંથી ૬ ટ્રાન્ઝેક્શનમાં સાઇબર ઠગોએ નાણાં સરકાવી લીધાં

સુરતઃ આખા ગુજરાતની પોલીસના મોબાઈલ પર લગ્નની કંકોત્રીના નામે એપીકે ફાઈલ મોકલવાની ઘટનામાં એક પોલીસ કર્મીની પત્નીના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા 1.02 લાખ સેરવી લેવાયાની ફરિયાદ નોંધાવા પામી છે.

સચિન ખાતે આવેલી સાંઈ દર્શન સોસાયટીમાં રહેતા અને કાપોદ્રા પોલીસ મથકમાં નોકરી કરતા પંકજદાન બટુકદાન ટાપરીયા (ઉ.વ. ૩૮) પરિવાર સાથે રહે છે. તેમના પત્ની ભારતીબેનનું સચિન જીઆઈડીસી સ્થિત એચડીએફસી બેંકમાં ખાતું છે, જેનો વ્યવહાર પંકજદાન પોતે જ સંભાળે છે.ગત તા. ૦૪ સપ્ટેમ્બરના રોજ સાંજે સાડા ચારેક વાગ્યાના અરસામાં પંકજદાનના વોટ્સએપ નંબર પર એક અજાણ્યા નંબર (૯૦૯૯૯૭૮૦૫૨) પરથી ‘Wedding Card APK’ નામની એક વાયરસયુક્ત ફાઈલ આવી હતી. લગ્નની ડિજિટલ કંકોત્રી હોવાનું સમજી પંકજદાને આ એપીકે ફાઈલ પોતાના ફોનમાં ડાઉનલોડ કરીને ઓપન કરી હતી.ફાઈલ ઈન્સ્ટોલ થતા જ મોબાઈલમાં અલગ-અલગ એપ્સના નોટિફિકેશન મેસેજ આવવા લાગ્યા હતા અને ફોનનો સંપૂર્ણ એક્સેસ સાઈબર ઠગોના હાથમાં જતો રહ્યો હતો. બીજા જ દિવસે તા. ૦૫ સપ્ટેમ્બરના રોજ સાંજે આશરે પાંચેક વાગ્યાના અરસામાં તેમના પત્નીના બેંક એકાઉન્ટમાંથી ટુકડે-ટુકડે કુલ છ અનિચ્છનીય ટ્રાન્ઝેક્શન થયા હતા. જેમાં સાઈબર ઠગોએ રૂ. ૯૨,૦૦૦, રૂ. ૪,૦૦૦, રૂ. ૧,૦૦૦ (ત્રણ વાર) અને રૂ. ૩,૦૦૦ મળીને કુલ રૂ. ૧,૦૨,૦૦૦ સેરવી લીધા હતા. બેંકમાંથી નાણાં કપાયાના સતત મેસેજ આવતા જ દંપતી ચોંકી ઉઠ્યું હતું અને તેમણે તાત્કાલિક પોતાના મોબાઈલમાંથી તે ઘાતક ‘Wedding Card APK’ એપ્લિકેશન કાઢી નાખી હતી. સચીન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

યશવી ફાઉન્ડેશન દ્વારા માનવસેવા અને ઉત્સવનો સમન્વય કરાયો

સુરત : શહેરમાં સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતા યશવી ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી ‘યશવી નવરાત્રી’ના શુભારંભ પ્રસંગે ટ્રસ્ટ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ સાથે ઉત્સવની ઉજવણીને જોડીને અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે યશવી ફાઉન્ડેશનના હોદ્દેદારો અને આગેવાનોએ સુરતના લોક સમર્પણ રક્તદાન કેન્દ્રની મુલાકાત લીધી હતી.

આ દરમિયાન ટ્રસ્ટના સભ્યોએ થેલેસેમિયા મેજરથી પીડિત બાળકો તથા દર્દીઓ સાથે મુલાકાત કરી તેમની સાથે સંવાદ સાધ્યો હતો. થેલેસેમિયા દર્દીઓ માટે નિયમિત રક્તની જરૂરિયાત અને રક્તદાનના મહત્વ અંગે પણ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ થેલેસેમિયાગ્રસ્ત બાળકો સાથે કરવામાં આવેલી ગરબાની ઉજવણી રહી હતી. આગામી નવરાત્રીમાં પ્રથમવાર લોન્ચ થનારા ‘મોગલનું હાલરડું’ ગરબા પર ટ્રસ્ટના સભ્યો અને થેલેસેમિયા દર્દીઓ સાથે મળીને ગરબે ઘૂમ્યા હતા. સેવાકીય કાર્યક્રમ બાદ યશવી ફાઉન્ડેશનના પદાધિકારીઓએ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ તેમજ યુથ ફોર ગુજરાતના પ્રમુખ જીગ્નેશ પાટીલ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન આગામી સમયમાં યોજાનારા ભવ્ય ‘યશવી નવરાત્રી’ મહોત્સવ માટે તેમને ભાવપૂર્વક આમંત્રણ આપવામાં આવ્યું હતું.

પતિના આપઘાતના ત્રીજા દિવસે પત્નીએ પણ જીવન ટૂંકાવી લીધું

પત્નીના જન્મદિવસે પતિએ આર્થિક ભીંસમાં આપઘાત કર્યો, ત્રીજા દિવસે પત્નીએ પિયરમાં અંતિમ પગલું ભર્યું

સુરતઃ કાપોદ્રામાં જન્મદિવસના દિવસે જ પતિએ આર્થિક ભીંસમાં ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યાના ત્રણ દિવસ બાદ પત્નીએ પણ પિયરમાં ઝેરી દવા પી લેતાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના નાનાસુરકા ગામની વતની અને હાલ કાપોદ્રા ઠાકોર દ્વાર પાસેની ભગવતી કૃપા સોસાયટીમાં રહેતી ૨૬ વર્ષીય તેજસ્વી મેહુલ વઘાસિયા ગુરુવારે બપોરે પુણા આઈમાતા ચોક નજીકની સુરભી સોસાયટીમાં રહેતા માતા-પિતાના ઘરે ગઈ હતી. દરમિયાન તેણે ઝેરી દવા પી લેતાં પરિવારજનોએ તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડી હતી. જ્યાં, મધરાતે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, તેજસ્વીના આશરે દોઢ વર્ષ પહેલાં લગ્ન થયા હતા અને તે ઘરેથી બ્યુટી પાર્લરનું કામ કરતી હતી.

ત્રણ દિવસ પહેલા એટલે કે મંગળવારે તેજસ્વીના જન્મદિવસના દિવસે જ તેના પતિએ આર્થિક ભીંસના કારણે પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. પતિના મોતના આઘાતમાંથી બહાર આવે તે પહેલાં જ ત્રીજા દિવસે તેજસ્વીએ પણ પિયરમાં ઝેરી દવા પી જીવન ટૂંકાવી લેતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. પતિના વિરહમાં તેણે આ પગલું ભર્યું હોવાની શક્યતા વચ્ચે પુણા પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

સુરતના ગ્રે-કાપડના વેપારી સાથે રૂપિયા ૯૬.૨૧ લાખની ઠગાઈ

બમરોલી-પાંડેસરા ઓફિસેથી ઠગાઈ આચરનાર દલાલ અમિત રાજપૂત અને વાપીના વેપારી બ્રિજેશ રાય વિરુદ્ધ ગુનો દાખલ

સુરતઃ બમરોલી-પાંડેસરા ખાતે કાપડનો વેપાર કરતા એક આધેડ વેપારી સાથે દલાલ અને વાપીના એક વેપારીએ સાઠગાંઠ રચી બે અલગ-અલગ ફર્મમાંથી કુલ રૂ.૯૬.૨૧ લાખથી વધુની કિંમતનું ગ્રે-કાપડ મેળવી પેમેન્ટ ન ચૂકવી ઠગાઈ આચરી હતી.

અલથાણ સ્થિત શાલીગ્રામ હાઈટ્સમાં રહેતા અને મૂળ મહેસાણાના ઊંઝા તાલુકાના કામલી ગામના વતની અરવિંદભાઈ કાનજીભાઈ પટેલ (ઉ.વ.૫૧) પલસાણા ખાતે ફેક્ટરી અને બમરોલી પાંડેસરા સ્થિત આકાશ ઈન્ડસ્ટ્રિયલમાં ઓફિસ ધરાવી ‘સ્વામી ટેક્સો ફેબ’ તથા ‘શ્રી ગોગા ટેક્સટાઈલ્સ’ નામે ગ્રે-કાપડનો વેપાર કરે છે. જાન્યુઆરી-૨૦૨૪માં તેમની ઓફિસે દલાલ અમિત રાજપૂત આવ્યો હતો. તેની સાથે વાપીના વેપારી બ્રિજેશ રાય પણ હતો. દલાલ અને વેપારીની વાતોમાં આવી જઈ અરવિંદભાઈએ વેપાર શરૂ કર્યો હતો. તેમણે અલગ-અલગ બિલથી કુલ રૂ96.21 લાખનો માલ મોકલ્યો હતો. વાયદા મુજબ ૩૦થી ૪૫ દિવસનો સમય વિતી ગયા બાદ પણ પેમેન્ટ ન મળતાં અરવિંદભાઈએ ઉઘરાણી શરૂ કરી ત્યારે બંને જણા પેમેન્ટ આપવાના બદલે સતત ગલ્લા-તલ્લા કરતાં તેમણે પાંડેસરા પોલીસમાં ફરિયાદ કરી હતી.

શિક્ષણ સુધારા સામે સુરતના સ્વનિર્ભર શાળા સંચાલકો મેદાને

ખાનગી શાળાઓની સ્વાયત્તતા છીનવતી જોગવાઈઓ પાછી ખેંચોઃ શાળા સંચાલક મંડળ

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, 2026માં સ્વનિર્ભર ખાનગી શાળાઓને અસર કરતી કેટલીક જોગવાઈઓ સામે સુરતના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે વિરોધ નોંધાવ્યો છે. શાળા સંચાલક મંડળે રાજ્યના શિક્ષણમંત્રી ડો.પ્રદ્યુમન ગનુભાઈ વાજાને રજૂઆત કરી વિધેયકની જોગવાઈઓનો પુનર્વિચાર કરી જરૂરી સુધારા કરવાની માંગ કરી છે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે રજૂઆતમાં જણાવ્યું છે કે, શાળા સંચાલકો સરકાર સાથે સહકાર આપવા તૈયાર છે, પરંતુ શાળાઓના દૈનિક વહીવટ અને સંચાલકીય નિર્ણયોમાં અનાવશ્યક હસ્તક્ષેપ યોગ્ય નથી. ખાનગી શાળાઓને પોતાના સંચાલન અને આંતરિક વ્યવસ્થામાં જરૂરી સ્વાયત્તતા મળવી જોઈએ તેવી માંગ કરવામાં આવી છે. કર્મચારીની નિમણૂક સંબંધિત જોગવાઈના ભંગ બદલ દંડની જોગવાઈને શાળા સંચાલક મંડળે અતિશય કઠોર ગણાવી છે.

સરકાર વહીવટ સંભાળે તે જોગવાઈ અંગે ગંભીર વાંધો

વિધેયકની કલમ-૩૩ હેઠળ ચોક્કસ પરિસ્થિતિમાં ખાનગી શાળાનો વહીવટ સરકાર હસ્તક લેવાની જોગવાઈને પણ સંચાલક મંડળે ગંભીર ગણાવી છે. સ્વનિર્ભર ધોરણે ચાલતી શાળાઓની સંચાલકીય સ્વાયત્તતા માટે આવી જોગવાઈ ચિંતાજનક હોવાનું જણાવી તેનો પણ પુનર્વિચાર કરવા માંગ કરવામાં આવી છે.